કેવળ દવાથી રોગ અમારો નહીં મટે, સંબંધ લાગણી પ્રેમ પણ જરાક ઉમેરજો સારવારમાં
- અદમ ટંકારવી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૫૪ | ૫ મે, ૨૦૧૪, સોમવાર; વૈશાખ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગર મનપાની એક કરોડની વસુલાત

## એડવાન્સ પ્રોપર્ટી ટેક્ષ વસુલાતને સાનુકુળ પ્રતિસાદ : એક જ મહિનામાં એક કરોડની વધુની વસુલાત : ગત વર્ષની પહોંચ રજુ કરે ૧૦ ટકા વળતર

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા એડવાન્સ પ્રોપર્ટી ટેક્ષની વસુલાત છેલ્લા એક માસથી શરૂ કરાઈ છે. એડવાન્સ પ્રોપર્ટી ટેક્ષ વસુલાત ઝુંબેશમાં મિલકતધારકોને ૧૦ ટકા જેટલુ વળતર આપવામાં આવતુ હોવાથી આ યોજનાને સારો પ્રતિસાદ સાંપડ્યો છે અને અત્યાર સુધી એક કરોડ દસ લાખ જેટલી વસુલાત થઈ છે.

ગાંધીનગર શહેર સ્થિત મકાન-દુકાન-શોરૂમ્સ-હોસ્પિટલ્સ સહિતની મિલકતનો વેરો વસુલવાની કવાયત ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શરૂ કરવામાં આવી છે. હાલમાં એડવાન્સ પ્રોપર્ટી ટેક્ષ વસુલાતની ઝુંબેશ ચાલી રહી છે. ગત તા. ૧લી એપ્રિલથી શરૂ થયેલી આ ઝુંબેશને પ્રચંડ પ્રતિસાદ સાંપડ્યો છે. આ કામગીરી શરૂ કર્યાને માત્ર એક જ મહિનો થયો છે. તેમ છતાં પ્રોપર્ટી ટેક્ષની વસુલાત એક કરોડથી વધી ગઈ છે.

એડવાન્સ ટેક્ષ યોજનામાં પ્રોપર્ટીધારકોને દસ ટકા જેટલુ વળતર આપવામાં આવતુ હોવાથી વેપારીઓ એડવાન્સ ટેક્ષ જમા કરાવવા માટે આકર્ષાયા છે. ૧૦ ટકા વળતરનો લાભ લેવા માટે ગત વર્ષની નાણાં ભર્યાની પહોંચ રજુ કરવાની રહેશે. પ્રોપર્ટી ટેક્ષના બીલો હજુ તૈયાર થઈ રહ્યા છે જેનું વિતરણ જુન મહિનામાં કરવામાં આવશે. પરંતુ જો વળતરનો લાભ લેવો હોય તો બીલ આવે તેની રાહ જોયા વગર એડવાન્સ ટેક્ષ ભરી દેવો જોઈએ એમ મનપાના સુત્રોએ જણાવ્યું છે.

## હવે 'નમો સ્ટોર' ઈન્ટરનેટની બહાર નીકળશે

**ભાજપ સત્તામાં આવી તો દેશભરમાં નમો સ્ટોર ખોલવાની યોજના**

ગાંધીનગર, તા. ૩

જલ્દી તમે તમારી આજુબાજુના બજારમાં 'નમો સ્ટોર'થી રૂબરૂ થઈ શકશો. જ્યાં તમને નમો ચા, નમો મલમ, નમો સ્ટેશનરી જેવી કેટલીય ચીજો ખરીદવાનો મોકો મળી શકે છે. ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીનું સમર્થન કરનારા સ્વયંસેવકોના એક સમૂહે એવો પ્રયોગ કરવાની પહેલ કરી છે. અત્યાર સુધી ઓનલાઈન મર્ચેન્ડાઈઝ નમો સ્ટોરનું સંચાલન થઈ રહ્યું હતું. પરંતુ ભાજપ કેન્દ્રની સત્તામાં આવશે તો કેટલાક રાજ્યોમાં નમો સ્ટોર ખોલવાની યોજના બનાવાઈ રહી છે. હાલમાં નમો સ્ટોરે સિલેક્ટેડ ઉત્પાદનો ચા અને મલમ ઓફલાઈન વેચવાનું શરૂ કરી દીધું છે.

મોદીની લહેરને ધ્યાને લઈને છેલ્લા ત્રણ મહિનામાં જ ઓનલાઈન મર્ચેન્ડાઈઝ સ્ટોર 'ધી નમો સ્ટોર'એ ૫૦ લાખ રૂપિયા સુધીનું વેચાણ કર્યું છે. આ ઉપરાંત આશરે ૨૫ લાખની કમાણી ૨૫૦ ગ્રામની નમો ચા, જેનો ભાવ ૬૦ રૂ. છે અને ૨૪ રૂપિયાવાળા નમો મલમ દ્વારા થઈ છે. ગુજરાત, પંજાબ, હરિયાણા, હિમાચલ પ્રદેશ અને દિલ્હીમાં ભારે માત્રામાં ચા અને મલમ વેચાઈ ગયા છે.



મન મોર બની થનગાટ કરે : ગોલીઓ રાસ લીલા - રામલીલા ફિલ્મથી પ્રસિદ્ધ થયેલું લેખક-શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીનું આ ગીત દેશ-વિદેશમાં લોકજીભે ગવાતું કરનાર ગુજરાતનું ખમીર ઓસ્માણ મીર શનિવારે સાંજે ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજીત ગ્રીષ્મોત્સવમાં કાર્યક્રમ રજૂ કરવા પધાર્યા હતા. જીવનની કારકિર્તી તબલવાદકથી શરૂ કરનાર ઓસ્માણ મીર આજે દેશ-વિદેશમાં ગુજરાતનું નામ ગુંજતું કરી રહ્યા છે... કલ્ચરલ ફોરમ આયોજીત ગ્રીષ્મોત્સવ કાર્યક્રમમાં ઓસ્માણ મીરે ગુજરાતી-હિન્દી ગીતો ઉપરાંત ગઝલ-ભજન ઉપરાંત અનેક જાણીતી રચનાઓ રજૂ કરી ગાંધીનગરના નગરજનોને રસતરબોળ કરી દીધા હતા તે પ્રસંગે સારા શ્રોતાઓની દાદ મળતા ઓસ્માણ મીર પ્રભાવિત થયા હતા તે પ્રસંગની તસવીર... (તસવીર : દિપક જાની)

## લોકસભા ચૂંટણી પૂર્ણ થતાં મંત્રીઓ સોમવારથી સચિવાલયમાં દેખાશે

ગાંધીનગર, તા.૪

લોકસભાની ચૂંટણીઓ ગુજરાતમાં પૂર્ણ થતાં જ હવે મંત્રીઓ સોમવારથી સચિવાલયમાં કામગીરીનો પ્રારંભ કરશે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગત ૩૦મી એપ્રિલના રોજ ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકોની ચૂંટણીઓ સંપન્ન થઈ ગઈ હતી રાજયમાં ચૂંટણી આચાર સંહિતા અમલી હતી અને ચૂંટણી પ્રચાર માટે મંત્રીઓ પ્રવાસમાં વ્યસ્ત હતાં જેના કારણે મંત્રીઓ સચિવાલયમાં આવતા ન હતાં.

ચૂંટણીઓ પૂર્ણ થતાં ચૂંટણી પંચ દ્વારા રાજયમાં ચૂંટણી આચારસંહીતાને આંશિક રીતે હળવી કરવામાં આવી છે અને વિકાસ કાર્યો હાથ ધરવા માટે છુટ આપવામાં આવી છે. જો કે મંત્રીઓને રાજકીય સમીક્ષા બેઠકો કરવા પર હજુ છુટ આપવામાં આવી નથી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ચુંટણીઓ પૂર્ણ થતાં હવે આગામી સોમવારથી મંત્રીઓ સચિવાલયમાં તેમના કાર્યાલયોમાં આવશે અને કચેરીમાં પડતર સામાન્ય કામગીરી હાથ ધરશે. હજુ ચુંટણી આચાર સંહીતા અમલી હોઈ મંત્રીઓ તેમની હસ્તકના વિભાગોને લગતી બાબતો અંગેના કોઈ નિતી વિષયક નિર્ણય લઈ શકશે નહીં. ૨૦મી મે એ ચૂંટણી આચારસંહીતા સંપૂર્ણ પણે ઉઠાવી લેવામાં આવે ત્યાર બાદ જ સરકાર કોઈ નિર્ણયો લઈ શકશે.

## એનડીએ ને ૩૧૭ બેઠકો મળશે બુકી બજારની ભવિષ્યવાણી

ગાંધીનગર, તા. ૩

લોકસભાની ચૂંટણીના ૯ તબક્કામાંથી ૭ તબક્કાનું મતદાન પૂર્ણ થઈ ગયું છે અને હવે માત્ર બે તબક્કાનું મતદાન બાકી છે ત્યારે 'બેટીંગની દુનિયા' બેટીંગમાં અને ભવિશ્યવાણી કરવામાં હાલ બીઝી બની ગયેલ છે. બુકીઓ જણાવે છે કે દેશભરમાં નરેન્દ્ર મોદીનો જાદુ છવાયો છે. અને બુકીઓએ એવી ભવિષ્યવાણી કરી છે કે ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએને ૩૧૭ બેઠકો મળશે.

મુંબઈમાં પંટરોએ એનડીએને ૩૧૭ આસપાસ બેઠકો આપી છે અને એવું જણાવ્યું છે કે નરેન્દ્ર મોદીએ તેમના હરીફ અને કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ઉપર તોતીંગ લીડ મેળવી લીધી છે. બુકીઓ કહે છે કે, આ ચૂંટણીમાં એનડીએ ફેવરીટ છે. નરેન્દ્ર મોદીના વડાપ્રધાન બનવા ઉપર ૪૮ પૈસા, રાહુલ ગાંધી પર ૬૦ પૈસા, મુલાયમ યાદવ ઉપર રૂ. ૫.૫૦ અને અરવિંદ કેજરીવાલ ઉપર રૂ. ૧૧.૫૦નો ભાવ લગાડવામાં આવ્યો છે.

**દેશભરમાં ચૂંટણી ઉપર રૂ. ૩૮,૦૦૦ કરોડનો સટ્ટો લાગ્યો : બુકી બજારમાં પણ જોવા મળી રહેલી મોદીની લહેર : યુપી અને મહારાષ્ટ્રમાંથી એનડીએને ૮૫ બેઠકો મળશે : કર્ણાટકમાં ૧૮ અને તામિલનાડુમાંથી ૮ બેઠકો મળવાની શક્યતા : મોદી પીએમ બનવા પર ૪૮ પૈસા, રાહુલ પર ૬૦ પૈસા તો કેજરીવાલ પર રૂ. ૧૧.૫૦નો ભાવ**

બુકીઓના જણાવ્યા પ્રમાણે સટ્ટાબજાર પણ મોદીની લહેમાં તણાયુ છે. બુકીઓના મતે એનડીએ બહુમતી મેળવી સરકાર રચશે. મોદી પર જે રીતે દાવ લાગ્યા છે કે તેથી કહી શકાય કે બુકીબજારમાં મોદીની લહેર છે.

સટ્ટાબજારોએ દેશના બે સૌથી મોટા રાજ્યો યુપી અને મહારાષ્ટ્રમાંથી એનડીએને ૮૫ બેઠકો આપી છે. બુકીઓનું માનવું છે કે દક્ષિણમાં પણ એનડીએનો દેખાવ સારો રહેશે. એનડીએને કર્ણાટકમાં ૧૮ અને તામિલનાડુમાં ૮ બેઠકો મળવાની શક્યતા છે. બુકીઓનું અનુમાન છે કે એનડીએ રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં પણ તમામ બેઠકો જીતી શકે છે.

કોંગ્રેસે ચૂંટણીના અંતિમ તબક્કામાં તેનુ ટ્રમ્પ કાર્ડ પ્રિયંકા ગાંધીને મેદાનમાં ઉતાર્યા છે. સટ્ટાબજારે પ્રિયંકા ગાંધીને થમ્સઅપ કર્યુ છે. એક બુકીના જણાવ્યા પ્રમાણે પ્રિયંકા ગાંધી ઉપર ૧૨ પૈસાનો રેટ ચાલતી હોય તેવી ફોરકાસ્ટ કરવામાં આવી છે. દેશના અનેક વિસ્તારોમાં સટ્ટા ઉપર પોલીસે લાલ આંખ કરતા હવે આ પ્રવૃતિ ગુજરાત અને દુબઈમાં શીફ્ટ થઈ છે અને કોઈ તપાસ એજન્સીની નજરે ન ચડાય તે માટે પંટરોએ વોટ્સએપના મેસેજ સર્વિસનો પણ ઉપયોગ કરવાનું શરૂ કર્યુ છે. અત્યાર સુધીમાં દેશભરમાં ૩૮,૦૦૦ કરોડનો સટ્ટો રમાયો છે.

## મોદીએ ઈરાદાપૂર્વક આચારસંહિતાનો ભંગ કર્યો હતો : ચૂંટણીપંચ અડગ

ગાંધીનગર, તા.૪

બુધવારે રાણીપ ખાતે મતદાન કર્યા બાદ ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ મતદાનમથકની બહાર યોજેલી પત્રકાર પરિષદ ઈરાદાપૂર્વકનું આયોજનબદ્ધ કૃત્ય હતું અને પત્રકારો સાથેની ૨૨ મિનીટની વાતચીતમાં મોદી સતત પોતાના ચૂંટણી પ્રતીક કમળને ટીવી ચેનલો સમક્ષ દર્શાવીને પ્રચાર-પ્રસારનો ઈરાદાપૂર્વક પ્રયાસ કરી રહ્યા હોવાનું ઠરાવીને ચૂંટણી પંચે આજે પોતાના વલણમાં અડગ રહેવાનું મુનાસીબ માન્યું હતું.

ભાજપના પ્રવકતાએ દલીલ કરી હતી કે મોદીએ મતદાન મથકની ૧૦૦ મીટરની સીમા બહાર પત્રકારો સાથે વાતચીત કરી હતી એ પરિપ્રેક્ષ્યમાં પંચના જવાબદાર અધિકારીએ કહ્યું હતું કે, ચૂંટણી આચારસંહિતા અનુસાર મતદાનના ૪૮ કલાક પહેલાં મતદાન મથકની બહાર કે અંદર કોઈ પણ પ્રકારનો પ્રચાર ગુનો બને છે તેથી પંચનું વલણ યોગ્ય છે. દરમિયાન, કોંગ્રેસે આ મામલે મોદીની ધરપકડની માંગણી કરી છે.

મિતલે કહ્યું કે મોદી સામે કલમ ૧૨૬ એ અને ૧૨૬ બી પ્રમાણે ફરિયાદ નોંધાઈ છે પણ તેમણે ધારા ૧૩૦નો પણ ભંગ કર્યો છે. આ કલમ જયારે પોલિંગ એરિયામાં પ્રચાર થાય ત્યારે નોંધવાની હોય છે. આ કોગ્નીઝેબલ ગુનો બને છે.

અમારો અનુરોધ એ છે કે તેમની સામે ધારા ૧૩૦ પ્રમાણે પણ ફરિયાદ નોંધવામાં આવે અને તેમની તાત્કાલિક અસરથી ધરપકડ કરવામાં આવે તેમ તેમણે ઉમેર્યું હતું.

આચારસંહિતા ભંગ બદલ મોદીને કલિચીટ આપવામાં આવી હતી તેમ જણાવી પોલીસે કહ્યું છે કે મોદીએ ૧૦૦ મીટર બહાર પત્રકાર પરિષદ સંબોધી હોવાનું પ્રાથમિક તપાસમાં જણાય છે.

## મોદીનો વિશ્વવિક્રમ : હવાઈ પ્રવાસમાં ૮૦ થી ૨૦૦ કરોડનો ખર્ચ

ગાંધીનગર, તા. ૪

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ચૂંટણી પ્રચારનો વર્લ્ડ રેકોર્ડ સર્જ્યો હોવાનો દાવો ભાજપ દ્વારા કરવામાં આવ્યો છે તે સાથે હવાઈ પ્રવાસમાં સૌથી વધુ રકમ ખર્ચવામાં પણ તેઓ નંબર વન રાજકારણી બને તેમ છે. સતત સાત મહિનાથી જે રીતે મોદી હવાઈ પ્રવાસ કરી રહ્યા છે તે જોતા અત્યાર સુધી કરોડો રૂપિયા પાણીની જેમ તેમના પ્રવાસ પાછળ ખર્ચાઈ ગયા છે. ભાજપના દાવા મુજબ તેમણે ૩ લાખથી વધુ કિલોમીટરનો પ્રવાસ કર્યો છે અને લગભગ ૧૯૬ જેટલી રેલીઓ ૨૫ રાજ્યમાં કરી છે. સામાન્ય રીતે હેલિકોપ્ટર અને ચાર્ટર એરક્રાફ્ટનું એક કલાકનું ભાડુ ૮૦ હજારથી લઈને ૨.૬૦ લાખ રૂપિયા સુધીનું હોય છે. તે જોતા હવાઈ પ્રવાસ પાછળ ઓછામાં ઓછો ૮૦ કરોડથી લઈને ૨૦૦ કરોડ રૂપિયા સુધીનો ખર્ચ થઈ શકે છે.



રાજકીય વર્તુળોમાં ચર્ચા મુજબ મોદી જે રીતે ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં પ્રચાર માટે ફરી વળ્યા છે તે જોતા તેમના અનેક રેકર્ડ બને તે સ્વાભાવિક છે. મોદી ભાજપના એકમાત્ર સ્ટાર પ્રચારક હોવાથી દેશભરમાં તેમણે સૌથી વધુ સ્થળોએ પ્રવાસ કર્યો હતો. જો કે મોદી ૨૦૧૩ના વર્ષમાં ૧૫ સપ્ટેમ્બરથી પોતાનો પ્રચાર શરૂ કરી દીધો હતો. જેમાં તેમણે રેલી, જાહેર કાર્ટક્રમ, થ્રી ડી સભાઓ, ચાય પે ચર્ચા અને અન્ય રાજકીય કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. તેમણે ચૂંટણીની જાહેરાત થઈ તે પછી ૩૦ એપ્રિલ સુધીમાં ૧૫૫ જેટલી વિવિધ ૨૫ રાજ્યમાં કરી હતી. ૧ થી ૧૦ મે સુધીમાં હજુ તેમની પાંચ રાજ્યમાં ૪૧ રેલી યોજાઈ રહી છે. લોકસંપર્ક માટે રેલીઓ ઉપરાંત તેમણે કુલ ૨૪૧ જેટલા કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. તે અગાઉ ચાર રાજ્યોની વિધાનસભાની ચૂંટણીમાં પણ બાવન જેટલી રેલીઓ કરી હતી. કુલ મળીને તેમણે ૩ લાખ કિલોમીટર જેટલો

● અનુસંધાન પાન-૭ પર

## વારાણસીની તમામ ફલાઈટો હાઉસફૂલ : ભાડુ ૨૩૦૦૦

ગાંધીનગર, તા. ૪

ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી મોક્ષની નગરી વારાણસીથી પણ ચૂંટણી લડી રહ્યા છે. અહીં ૧૨ મે ના રોજ મતદાન થવાનું ત્યારે મતદાન પહેલાં વારાણસી પહોંચવા નરેન્દ્ર મોદીના સમર્થકો મોટાપાયે હવાઈ ટિકીટ બુક કરાવી રહ્યા છે. જેના પરિણામે ૧૦ અને ૧૧ મે ની અમદાવાદ વારાણસીની ફ્લાઈટ્સ હાઉસફૂલ થતાં હવાઈ ભાડા રૂ. ૨૩ હજાર સુધી પહોંચી ગયા છે. એટલું જ નહી, મતદાનના અઠવાડિયા પહેલા વારાણસી પહોંચવા અનેક મોદી સમર્થકોએ રૂ. ૨૮ હજારથી ૩૦ હજારની રિટર્ન ટિકીટ પણ ખરીદી છે. સામાન્ય દિવસોમાં અમદાવાદ-વારાણસીની રિટર્ન ટિકીટ વધુમાં વધુ રૂ. ૧૦ થી ૧૨ હજારમાં મળી રહે છે.

અમદાવાદથી વારાણસીનું હવાઈભાડુ રૂ. ૨૫૦૦ થી શરૂ થાય છે અને રૂ. ૪૫૦૦ સુધી પહોંચી છે. કેટલાક કિસ્સામાં રૂ. ૧૦ હજાર પણ થાય છે, પરંતુ વન વે રૂ. ૨૩ હજારનું ભાડુ કદાચ પ્રથમવાર જ થયું છે. અમદાવાદથી વાયા દિલ્હી થઈને સ્પાઈસ જેટ, જેટ, એરવેઝ અને ઈન્ડિગો એરલાઈન્સની ફલાઈટ વારાણસી જાય છે. સામાન્ય દિવસોમાં તમામ એરલાઈન્સના ભાડા રૂ. ૪૫૦૦ થી લઈને રૂ. ૧૦ હજારની નજીક હોય છે. શરૂઆતી ભાડા અંતર્ગત કેટલીક લો કોસ્ટ એરલાઈન્સની ટિકીટ માત્ર રૂ. ૨૫૦૦ હોય છે. પરંતુ અત્યારે વારાણસી એરલાઈન્સ માટે પણ 'હોટ' છે. એટલે જ લો કોસ્ટ એરલાઈન્સ સ્પાઈસ જેટની પણ ૧૧

● અનુસંધાન પાન-૭ પર

## આજે નરેન્દ્ર મોદી અમેઠીમાં

ગાંધીનગર, તા. ૪

ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદી અમેઠીમાં ભાજપના ઉમેદવાર સ્મૃતિ ઈરાનીના પ્રચારના ભાગ લેનાર છો. મોદી પાંચમી મે ના દિવસે સ્મૃતિની તરફેણમાં જોરદાર પ્રચાર કરવા માટે પહોંચશે. કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધીના ગઢ ગણાતા અમેઠીમાં મોદીના આગમનને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. અમેઠી સીટ પર સાતમી મે ના દિવસે મતદાન યોજાનાર છે. મોદીની પાંચમી મે ના દિવસની રેલીને ભવ્ય બનાવવા માટે તમામ તૈયારી કરી લેવામાં આવી છે.

**Marwadi Shares and Finance Limited (MSFL)**
Registered & Corporate Office:- "Marwadi Financial Plaza", Nana Mava Main Road, Off. 150ft. Ring Road, Rajkot-360 001.

**PUBLIC NOTICE**

Notice is hereby given that the following sub-broker/s is/are no longer affiliated as sub-brokers of Marwadi Shares and Finance Limited, Member of National Stock Exchange (NSE) with SEBI Regn. No. INB230876034 and Member of BSE Ltd. (BSE) with SEBI Regn. No. INB010876035, having the registered office at "Marwadi Financial Plaza", Nana Mava Main Road, Off. 150ft. Ring Road, Rajkot - 360 001. Any person henceforth dealing with below mentioned sub-broker/s should do so at their own risk. Marwadi Shares and Finance Limited shall not be liable for any dealings with them.

1. Sub-Broker Trade Name : KIRTIKUMAR R. PRAJAPATI
BSE SB SEBI Regn. No. : INS018280318/01-08760 & Reg. Date: 10.11.2009
NSE SB SEBI Regn. No. : INS238017516/23-08760 & Reg. Date: 31.08.2009
Reg. Office Address : F-37, S. T. ROAD, MAHAVIR COMPLEX, DIST: GANDHINAGAR, MANSA -382845.

Date: 03.05.2014
Place: RAJKOT
Sd/- Marwadi Shares and Finance Limited
Authorized Signatory

**ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ - ૩૮૦ ૦૧૪**

પ્રવેશ જાહેરાત - ૨૦૧૪-૧૫

પારંગત : (વિષય : માનવ સંસાધન વિકાસ અને સંચાલન) Master of Arts (M.A.) : (Subject : Human Resource Development and Management) લાયકાત : કોઈપણ વિદ્યાશાખામાં સ્નાતક કક્ષાએ ૪૦ ટકા અનિવાર્ય છે. તારીખ ૬-૫-૨૦૧૪ થી કાર્યાલય સમય દરમિયાન અરજીપત્ર મેળવી શકાશે. ભરેલા અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૦-૬-૨૦૧૪ રહેશે. ગૂજરાત વિદ્યાપીઠના નિયમો મુજબ છાત્રાલય નિવાસ આવશ્યક છે. પ્રવેશ માટેનું અરજીપત્ર રૂ. ૨૦૦/- રોકડા ભરવાથી સોમવાર થી શુક્રવાર, સમય : ૧૨.૦૦થી ૫.૦૦, આજીવન શિક્ષણ અને વિસ્તરણ વિભાગ, પ્રાણજીવન છાત્રાલય, ગૂજરાત વિદ્યાપીઠમાંથી મળશે. સંપર્ક ફોન નં. (૦૭૯) ૪૦૦૧૬૩૯૦.

તા. ૨-૫-૨૦૧૪ રાજેન્દ્ર ખીમાણી, કુલસચિવ

